| Publication | Edition | Date | Page Number | Subject |
|---|---|---|---|---|
| Akila | Gujarat | 17/12/20 | 7 | Music Video Launch of “Sajan Tara Sambaharna " |

### સ્વ. નરેશ કનોડિયાના સુપરહીટ ગીત

# ‘સાજન તારા સંભારણા’ ને અનોખા મ્યુઝીક વિડીયો સાથે કાલે રીલીઝ

### હીતુ કનોડિયા અને મમતા સોની ગીતમાં જોવા મળશે

(કેતન ખત્રી દ્વારા) અમદાવાદ, તા. ૧૮ : અલ્ટ્રા મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટે સુપ્રસિદ્ધ ગુજરાતી સુપરસ્ટાર સ્વ. શ્રી નરેશ કનોડિયાના સુપરહીટ ગીત સાજન તારા સંભારણા ને અનોખા મ્યુઝિક વિડિયોમાં રીલિઝ કરીને શ્રદ્ધાંજલી પાઠવી છે. આ નવા વિડિયોમાં વર્ષ ૧૯૮૫માં લોકપ્રિય ગીત નવા અવતારમાં જોવા મળશે, જેમાં અભિનેતા હિતુ કનોડિયા અને અભિનેત્રી મમતા સોની જોવા મળશે. આ ગીત અલ્ટ્રા ગુજરાતી ઉપર શનિવારે ૧૯ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ રીલિઝ થશે

વર્ષ ૨૦૨૦ના આ નવા સુપરહીટ ગુજરાતી ગીતને હરેશભાઈ પટેલે પ્રોડ્યુસ અને ડાયરેક્ટ કર્યું છે અને જાણીતા ગાયકો હિમાંશુ બારોટ અને નયના શર્માએ તેને સ્વર આપ્યો છે. જાણીતા મ્યુઝિક ડાયરેક્ટર મૌલિક મહેતાએ તેને કમ્પોઝ કર્યું છે. આ ગીત શ્રી નરેશ કનોડિયાની વર્ષ ૧૯૮૫ ના સુપરહીટ ફિલ્મ ‘સાજન તારા સંભારણા’ના ટાઈટલ સોંગના જાદૂને ફરીથી પેદા કરે છે. આ ફિલ્મનું ડાયરેક્શન અનુભવી શ્રી ગોવિંદ પટેલે કર્યું હતું, જેમાં નરેશ કનોડિયા, સ્નેહલતા ગડકરી અને અરવિંદ રાઠોડ મુખ્ય ભૂમિકામાં હતાં. મૂળ ગીતનું મ્યુઝિક નરેશ કનોડિયાએ પોતે કમ્પોઝ કર્યું હતું,.આ નવા વિડિયોમાં પ્રખ્યાત ગુજરાતી રેપર અને લોકગાયક અરવિંદ વેગડા પણ જોવા મળશે, જેઓ કલાકારોની સાથે રેપનો થોડો હિસ્સો ગાઈ રહ્યાં છે, જેનાથી ગીત સમકાલીન બને છે અને આજના યુવાનો અને દર્શકો સાથે વધુ સુસંગત બને છે. તેમ અલ્ટ્રા ઈન્ડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ ગ્રૂપના સીઈઓ સુશીલકુમાર અગ્રવાલે જણાવ્યું હતું . (૯.૨૧)